# ગુજરાત જાહેર સેવા આયોગ

## અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની ત્રીજી યાદી

**વંચાણે લીધી: આયોગની તા.13.12.2016 અને તા.1-04-2017 ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી**

1. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હેઠળની જુનિયર નગર નિયોજક, વર્ગ-2 ની જગ્યાએ ભરતી કરવા માટે જા.ક્ર.01/2015-16ના સંદર્ભમાં આયોગ દ્વારા તા.08.05.2016ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે આયોગે અરજી ચકાસણીની પાત્રતા માટે નક્કી કરેલ લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) મુજબ અરજી ચકાસણીને પાત્ર કેટેગરીવાઇઝ ઉમેદવારોના કુલ: 110 બેઠક નંબરોની યાદી તા.13.12.2016ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

2. આ 110 ઉમેદવારોના બેઠક નંબરોની પાત્રતા ચકાસણી બાદ આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ પ્રમાણે નોર્મ્સ મુજબ રૂબરૂ મુલાકાત માટે પાત્ર પુરતા ઉમેદવારો ન મળતાં લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં ખુટતી સંખ્યા માટે મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) નીચું લઇ જઇ વધુ કુલ: 57 બેઠક નંબરોની બીજી યાદી તા.1-04-2017 ના રોજ અરજી ચકાસણી માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

3. આ 110 અને 57 ઉમેદવારોના બેઠક નંબરોની પાત્રતા ચકાસણી બાદ આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નક્કી થયેલ માપદંડ પ્રમાણે નોર્મ્સ મુજબ રૂબરૂ મુલાકાત માટે પાત્ર પુરતા ઉમેદવારો ન મળતાં લાયકી ધોરણ (જે તે કેટેગરીમાં ખુટતી સંખ્યા માટે મેરીટ યાદી મુજબ ઉતરતા ક્રમમાં જરૂરી સંખ્યા અનુસારના છેલ્લા ઉમેદવારના ગુણ) નીચું લઇ જઇ વધુ કુલ: 14 બેઠક નંબરોની ત્રીજી યાદી અરજી ચકાસણી માટે નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

**(1) બિન અનામત (કોમન):**

| | | | | |
|---|---|---|---|---|
| 101000025 | 101000043 | 101000068 | 101000141 | 101000174 |
| 101000188 | 101000212 | 101000263 | 101000264 | 101000276 |
| 101000285 | 101000303 | 101000379 | 101000428 | **TOTAL:14 (પ્રાપ્ય તમામ)** |

3. અરજી ચકાસણીની પાત્રતા બાદ રૂબરૂ મુલાકાતને પાત્ર થતા ઉમેદવારોની યાદી હવે પછી પ્રસિધ્ધ કરવામાં આવશે.

**4. અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક સાથે ફી ભર્યાના ચલણની નકલ (જે ઉમેદવારોએ ફી ભરવાની જરૂરી હોય) અને લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નક્લ નીચેના ક્રમાનુસાર**

**(૧) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)**

**(૨) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ**

**(૩) અનામત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ**

**(૪) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ તથા જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નિયત નમુના "પરિશિષ્ટ-ક" (ગુજરાતીમાં) મુજબના સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ (અંગ્રેજીમાં આપવા માં આવતું Annexure-A પ્રમાણપત્ર માન્ય નથી.)**

**(૫) વિધવા મહિલા ઉમેદવારના કિસ્સામાં પુન: લગ્ન કર્યા નથી તેવી એફિડેવીટ**

**(૬) શારિરીક રીતે અશક્ત ઉમેદવાર માટે સા.વ.વિભાગના તા.૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબના અશક્તા પ્રમાણપત્ર ની નકલ**

**(૭) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક / અનુસ્નાતકની પદવી પ્રમાણપત્રની નકલ અને સ્નાતક/ અનુસ્નાતકની પદવીના અંતિમ વર્ષના બે સેમેસ્ટરના ગુણપત્રકની નકલ**

**(૮) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ**

**(૯) શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતકની પદવીની સમકક્ષ લાયકાત ધરાવે છે તેવો હક્ક દાવો હોય તો ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/ અધિકૃતતાની વિગતો/ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.**

**(૧૦) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સા.વ.વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.**

**(૧૧) સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ [જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (ક) ધારણ કરેલ જગ્યા / હોદ્દો (ખ) અનુભવનો ક્રમાનુસાર સમયગાળો (ગ) અનુભવનો પ્રકાર અને (ઘ) મેળવવામાં આવતા પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય] અને**

**(૧૨) અન્ય લાગુ પડતા હોય તેવા આધાર/પુરાવા અચુક જોડીને <u>તા.03.07.2017</u> સુધીમાં આયોગની કચેરીમાં સંયુક્ત સચિવશ્રી (આર-6) ને મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.**

સ્થળ: ગાંધીનગર-382010
તારીખ: 20.06.2017

(ટી. એચ. સોની)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ